## મહામાનવ બુદ્ધની મહાન વિદ્યા

# વિપશ્યનાનો ઉદ્‌ગમ અને વિકાસ

(હિન્દી પુસ્તકનો ગુજરાતી અનુવાદ)

**Gujarati Translation of Hindi Book**

"Mahamanav Buddha Ki Mahan Vidya
Vipassana Ka Udgam Aur Vikas"



વિપશ્યનાચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા

મહામાનવ બુદ્ધની મહાન વિદ્યા

# વિપશ્યનાનો ઉદ્‌ગમ અને વિકાસ

(હિન્દી પુસ્તકનો ગુજરાતી અનુવાદ)

વિપશ્યનાચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા

**Gujarati Translation of Hindi Book**

“Mahamanav Buddha Ki Mahan Vidya
Vipassana Ka Udgam Aur Vikas”

વિપશ્યના વિશોધન વિન્યાસ
ધમ્મગિરિ, ઈગતપુરી

**G22 - મહામાનવ બુદ્ધની મહાન વિદ્યા**
**વિપશ્યનાનો ઉદ્‍ગમ અને વિકાસ**

© વિપશ્યના વિશોધન વિન્યાસ
સર્વાધિકાર સુરક્ષિત

પ્રથમ સંસ્કરણ : એપ્રિલ ૨૦૨૪

મૂલ્ય રૂ. ૨૫૦.૦૦
**Price: Rs. 250.00**

ISBN 978-81-7414-466-9

**પ્રકાશક:**
**વિપશ્યના વિશોધન વિન્યાસ**
ધમ્મગિરિ, ઈગતપુરી – ૪૨૨૪૦૩
જિ.- નાશિક, મહારાષ્ટ્ર
ફોન: ૦૨૫૫૩-૨૪૪૯૯૮, ૨૪૩૫૫૩ ૨૪૪૦૭૬,
૨૪૪૦૮૬, ૨૪૪૧૪૪, ૨૪૪૪૪૦
Email: vri_admin@vridhamma.org
Website: www.vridhamma.org

**મુદ્રક:**

**અપોલો પ્રિન્ટિંગ પ્રેસ**
૨૫૯, સીકોફ લિમિટેડ, ૬૯ એમ. આય. ડી. સી.,
સાતપુર, નાશિક-૪૨૨૦૦૭, મહારાષ્ટ્ર

# મહામાનવ બુદ્ધની મહાન વિદ્યા
# વિપશ્યનાનો ઉદ્‌ગમ અને વિકાસ

## વિષય : સૂચી


૧. તાપસ સુમેધ ........ 1
૨. ગર્ભાધાન સ્વપ્ન ........ 2
3. જન્મ ........ 3
૪. ઋષિ કાલદેવલ ........ 4
૫. બાળક સિદ્ધાર્થનું પ્રથમ ધ્યાન ........ 5
૬. હિંસક દેવદત્ત ........ 6
૭. અતુલનીય તીરંદાજ ........ 7
૮. પરાક્રમી યોદ્ધો અને અદ્ભુત ઘોડેસવાર ........ 8
૯. કોલિયરાજ સુપ્પબુદ્ધની પુત્રીનો વિવાહ-મંગલ ........ 9
૧0. ચાર નિમિત્તોમાંનું પહેલું નિમિત્ત ........ 10
૧૧. બીજું નિમિત્ત ........ 11
૧૨. ત્રીજું નિમિત્ત ........ 12
૧3. ચોથું નિમિત્ત ........ 13
૧૪. ગૃહ-ત્યાગ ........ 14
૧૫. શ્રમણવેશ ધારણ કર્યો ........ 15
૧૬. મગધની યાત્રા ........ 16
૧૭. આચાર્ય આલાર કાલામ ........ 17
૧૮. ઉદક રામપુત્ર ........ 18
૧૯. દુષ્કરચર્યા ........ 19
૨0. દુષ્કરચર્યાનો ત્યાગ ........ 20
પાંચ સ્વપ્ન ........ 21
૨૧. પહેલું સ્વપ્ન ........ 21
૨૨. બીજું સ્વપ્ન ........ 22
૨3. ત્રીજું સ્વપ્ન ........ 23
૨૪. ચોથું સ્વપ્ન ........ 24
૨૫. પાંચમું સ્વપ્ન ........ 25
૨૬. સુજાતાની ખીર ........ 26
૨૭. માર પરાજિત ........ 27

૨૮. સમ્યક્ સંબોધિ....28
૨૯. માર કન્યાઓના દુષ્પ્રયત્ન વિફળ....29
૩૦. તપુસ્સ અને ભલ્લિક....30
૩૧. કૃતજ્ઞ સંબુદ્ધ (ઉપક)....31
૩૨. ધર્મચક્રપ્રવર્તન....32
૩૩. યશ અને તેના પિતા....33
૩૪. પિતાના ઘેર ભોજન....34
૩૫. જાઓ ધર્મદૂતો, ધર્મપ્રસારણ માટે વિચરણ કરો....35
૩૬. ઉરૂવેલની કુટિરમાં ક્રોધી નાગરાજ....36
૩૭. મિથ્યા અરહંત....37
૩૮. સાચા અરહંત થયા....38
૩૯. મગધમાં પુનરાગમન....39
૪૦. સારિપુત્ર અને મોગ્ગલ્લાન....40
૪૧. ભરપૂર નિંદા....41
૪૨. નિંદા-પ્રશંસા....42
૪૩. કપિલવસ્તુ આગમન....43
૪૪. યશોધરા....44
૪૫. રાહુલ....45
૪૬. રાહુલની પ્રવજ્યા....46
૪૭. સાત પ્રવ્રજિત....47
૪૮. અનાથપિંડિક....48
૪૯. ઉત્તમ બ્રાહ્મણ સુનીત....49
૫૦. સોપાક....50
૫૧. દાસી ખુજ્જુત્તરા....51
૫૨. શાક્ય અને કોલીય....52
૫૩. ભિક્ષુણીસંઘની સ્થાપના....53
૫૪. સચ્ચક....54
૫૫. રૂપગર્વિતા ખેમા....55
૫૬. ચમત્કાર પર રોક....56
૫૭. ભિક્ષુણી સિસૂપચાલા....57
૫૮. ચિંચા માણવિકા....58
૫૯. સુંદરી પરિવ્રાજિકા....59
૬૦. આદર્શ દંપત્તિ....60

૬૧. બોધિ રાજકુમાર 61
૬૨. બ્રાહ્મણ માગંડિય 62
૬૩. ગાળોનો વરસાદ 63
૬૪. નદી સ્નાનથી પાપ ધોવાતા નથી 64
૬૫. ભગવાનનો એકાંતવાસ 65
૬૬. કસિ ભારદ્વાજ 66
૬૭. વેરંજા 67
૬૮. પટાચારા 68
૬૯. કિસા ગોતમી 69
૭૦. સાચો યજ્ઞ 70
૭૧. સોણદંડ : બ્રાહ્મણ બનાવનારા ધર્મ 71
૭૨. મહાસાલ બ્રાહ્મણ 72
૭૩. આળવક 73
૭૪. સદા સુખી તથાગત 74
૭૫. બે હાંડલી 75
૭૬. અંગુલિમાલ 76
૭૭. સુંદરિક ભારદ્વાજ 77
૭૮. ધર્મદૂત પૂર્ણ 78
૭૯. ગંધારનરેશ પુક્કુસાતિ 79
૮૦. આક્રોશ ભારદ્વાજ 80
૮૧. ભગવાનની સાચી વંદના 81
૮૨. અછૂત કન્યા પ્રકૃતિ 82
૮૩. પ્રકૃતિ દ્વારા વિવાહ માટે પ્રસ્તાવ 83
૮૪. સ્થિતપ્રજ્ઞ અરહંતની અદ્ભુત સહિષ્ણુતા 84
૮૫. વીતક્રોધ 85
૮૬. બ્રહ્માયુ ધન્ય થયો ! 86
૮૭. સંન્યાસી દારૂચીરિય : જોવામાં માત્ર જોવું 87
૮૮. રોગીની સેવા 88
૮૯. મુક્ત થયો કેદી 89
૯૦. ધમ્મદિન્ના 90
૯૧. મિગારમાતા વિશાખા 91
૯૨. સુજાતા સુધરી 92
૯૩. આનંદબોધિ 93

૯૪. વૃષલ કોણ?....94
૯૫. સત્પુરુષ બિંબિસાર....95
૯૬. બુદ્ધની હત્યાનું ષડ્યંત્ર....96
૯૭. નાલાગિરિ....97
૯૮. હું સ્વયં હત્યા કરીશ....98
૯૯. ભયભીત અજાતશત્રુ....99
૧૦૦. સહિષ્ણુતા અને સમતા....100
૧૦૧. ધર્મ-સમન્વિત ભગવાનના પગ ચૂમ્યા....101
૧૦૨. વિનાશક જાતિવાદ....102
૧૦૩. લિચ્છવિયોને ગણરાજ્યની સુરક્ષાનો ઉપદેશ....103
૧૦૪. આમ્રપાલી અને લિચ્છવી રાજકુમાર....104
૧૦૫. માતૃસેવા....105
૧૦૬. ભગવાન બુદ્ધનું સાચું પૂજન....106
૧૦૭. બુદ્ધની સાચી વંદના....107
૧૦૮. સુભદ્રની પ્રવ્રજ્યા....108
૧૦૯. તથાગતનું પાર્થિવ શરીર....109
૧૧૦. પહેલું અને બીજું સંગાયન....110
૧૧૧. હૃદય જીતનાર સમ્રાટ....111
૧૧૨. ત્રીજું સંગાયન, સોણ અને ઉત્તર....112
૧૧૩. ભિક્ષુ મહેંદ્ર....113
૧૧૪. ભિક્ષુણી સંઘમિત્રા....114
૧૧૫. ચોથું સંગાયન....115
૧૧૬. દૂષિત થયેલા સદ્ધર્મનો સુધાર....116
૧૧૭. પાંચમું સંગાયન....117
૧૧૮. ભિક્ષુ લૈડી સયાડો....118
૧૧૯. છઠ્ઠું સંગાયન....119
૧૨૦. ગૃહસ્થ સંત સયાતૈજી....120
૧૨૧. સયાજી ઊ બા ખિન....121
૧૨૨. સયાજી ઊ ગોયન્કા અને માતાજી....122
વિપશ્યના સાધના કેન્દ્ર....123

# પ્રાક્કથન

આ પુસ્તક વિપશ્યના અને તેની ખોજ કરનાર મહામાનવ બુદ્ધના ઐતિહાસિક જીવનની રૂપરેખા માત્ર છે. **'ગ્લોબલ વિપશ્યના પેગોડાની** ચિત્ર-પ્રદર્શની (આર્ટ ગૈલરી)માં સુશોભિત ચિત્રો તથા અધિક વિવરણની સાથે છપાયેલ પુસ્તક-**'બુદ્ધજીવન ચિત્રાવલી'**માં આનાથી અધિક જાણકારી મળશે, તો પણ રૂપરેખા જ છે. પરંતુ એમનાથી વિપશ્યનાના વ્યવહારિક અભ્યાસ કરવાની પ્રેરણા અવશ્ય મળશે. બુદ્ધના જીવનકાળમાં હજી પણ બીજી કેટલીયે મહત્ત્વપૂર્ણ ઘટનાઓ ઘટી, કેટલાય મહત્ત્વપૂર્ણ લોકો એમને મળ્યા, કેટલાય ભિક્ષુ-ભિક્ષુણીઓ અને ગૃહસ્થ નર-નારીઓ એમની આપેલી વિપશ્યના વિદ્યાથી સ્વયં લાભાન્વિત થઈને અનેકોના કલ્યાણમાં સહાયક થયા, એ બધાનું વિવરણ બહુજ વિશદ છે. એમના વર્તમાન અને પૂર્વજન્મોની ઘટનાઓનું પૂરું ચિત્રણ કરવામાં આવે તો કોઈ પણ દૂરદર્શન દ્વારા ૧૦૦૦ થી અધિક ધારાવાહિક બની શકે છે.

પુસ્તક-પ્રકાશનનો ઉદ્દેશ મહામાનવ ભગવાન બુદ્ધની શોધેલી મહાન વિદ્યા વિપશ્યનાના ઉદ્‌ગમ અને વિકાસનો સંક્ષિપ્ત પરિચય દેવાનો છે.

બુદ્ધ અને બુદ્ધની શિક્ષાના બારામાં આપણા દેશમાં ઘણી જ ભ્રાંતિયો ફેલાયેલી છે. એવી માન્યતા ચાલી પડી કે એમને ઈશ્વરના અવતાર હોવાના કારણે ભગવાન કહેવામાં આવ્યા. જયારે સચ્ચાઈ એ છે કે વિપશ્યના વિદ્યાની ખોજ કરીને તેમણે પોતાની ભીતરના રાગ, દ્વેષ અને મોહ જેવા વિકારોનું ઉન્મૂલન કરી લીધું. એમની જડો સમાપ્ત કરી લીધી. એમને ભગ્ન કરી લીધી. એ અર્થમાં તેઓ ભગવાન કહેવાયા.

એમણે **'ધર્મ'**ની શિક્ષા આપી. લોકોને **'ધમ્મિકો'**, ધમ્મિં, ધમ્મી,

ધમ્મચારી આદિ કહ્યા, ન કે **બૌદ્ધ!** બૌદ્ધ અને બૌદ્ધધર્મનો પ્રયોગ એક સંપ્રદાયનો દ્યોતક છે. ભગવાન બુદ્ધે કોઈ સંપ્રદાય સ્થાપિત નથી કર્યો. વાસ્તવમાં તેઓ સંપ્રદાયના વિરોધી હતા. આપણે નથી જાણતા કે ક્યારથી એમની શિક્ષા અને એમના અનુયાયિયોને 'બૌદ્ધ' કહેવામાં આવવા લાગ્યા. આઠમી સદી સુધી 'બૌદ્ધ' શબ્દ કોઈ ગ્રંથમાં નથી મળતો. પાલિ ભાષામાં તો બૌદ્ધ શબ્દ છે જ નહીં.

ભગવાનના બારામાં હજી પણ કેટલીયે પ્રકારની ભ્રાંતિયો છે, જેમનું નિરાકરણ અને તથ્યોનું ઉદ્દઘાટન થવું આવશ્યક છે. સાધક માટે તો અત્યંત આવશ્યક છે. અન્યથા તે ભ્રાંતિયોમાં જ અટવાયેલો રહી જશે. વાસ્તવિકતા તો જાણવા જ નહી પામે. પ્રસ્તુત પુસ્તકથી બધી નહીં પણ કેટલીક ભ્રાંતિયોથી છુટકારો અવશ્ય મળશે.

આવો સમજીએ, સિદ્ધાર્થ ગૌતમે એવી શી ખોજ કરી કે જેનાથી તેઓ સમ્યક્ સંબુદ્ધ બન્યા. એમણે આઠ ધ્યાન તો કરી જ લીધા હતા. પરંતુ એમનાથી મુક્ત અવસ્થા પ્રાપ્ત ન થઈ.

આઠ ધ્યાન તો લોકીય ક્ષેત્રના જ છે. દેવલોક તથા રૂપ અને અરુપ બ્રહ્મલોક તો લોકીય ક્ષેત્ર જ છે. આઠ ધ્યાન કરનારને એ સ્પષ્ટ થઈ જાય છે કે આ સમગ્ર ક્ષેત્ર અનિત્ય છે, ભંગુર છે, નશ્વર છે કારણ કે અહીં પ્રતિક્ષણ તરંગોનો ઉદય-વ્યય થાય છે. એટલા માટે આ અવસ્થા સુધી પહોંચેલ વ્યક્તિને ભવસંસરણથી મુક્ત થયેલ માનવામાં નથી આવતી. જેને આ આઠ ધ્યાનોના લોકીય ક્ષેત્રથી પર નિત્ય, ધ્રુવ, શાશ્વતની સચ્ચાઈનો સાક્ષાત્કાર થાય છે તે જ મુક્ત અવસ્થા સુધી પહોંચે છે. આ વિધિને જે વ્યક્તિ કોઈ અન્યના આદેશ અને ઉપદેશોથી પ્રાપ્ત કરે છે તેને 'સંબુદ્ધ' કહેતા નથી. સંબુદ્ધ તેને કહે છે કે જે એવા સમયે જન્મ લે છે કે જયારે સમગ્ર વિશ્વમાં વિપશ્યના સાવ લુપ્ત થઈ ચુકી હોય અને તે એને પોતાના પ્રયત્નો દ્વારા સ્વયં શોધી કાઢે. તો જ 'સંબુદ્ધ' એટલે કે 'સ્વયં બુદ્ધ' કહેવાય છે.

અનેક કલ્પો પૂર્વ જયારે ભગવાન દીપંકર સમ્યક્ સંબુદ્ધ થયા ત્યારે સુમેધ નામના એક શ્રદ્ધાળુ તપસ્વી બ્રાહ્મણે તેમને ગામ તરફ આવતા જોયા. માર્ગમાં કેટલોક કીચડ હતો. તેના પર ચાલીને ભગવાનના પગ મેલા ન થઈ જાય, એટલા માટે તે કીચડ પર ઊંધે મોંએ લેટી ગયો કે જેથી ભગવાન તેની પીઠ પર પગ રાખીને ચાલે. ભગવાને તેને જોયો અને તેની મનોકામના જાણવા ઈચ્છા કરી. એમણે જોયું કે આ વ્યક્તિ પારમી સંપન્ન છે. જો એને હમણાં જ વિપશ્યના દેવામાં આવે તો અર્હંત અવસ્થા પ્રાપ્ત કરી લેશે કારણ કે એ આઠે ધ્યાનમાં પણ સંપન્ન છે.

પરંતુ પછી જોયું કે આ વ્યક્તિ સામાન્ય રૂપે અર્હંત બનવા નથી માંગતી. આ તો મારી જેમ સમ્યક્ સંબુદ્ધ બનવા માંગે છે. જેના માટે દસે પારમિતાઓ બહુ જ અધિક માત્રામાં પૂરી કરવાની હોય છે. એમાં ખૂબ સમય પણ લાગે છે. આ વ્યક્તિના દૃઢ સંકલ્પને જોઈને એમણે જાણ્યું કે આ વ્યક્તિ સમ્યક્ સંબુદ્ધ બનવા માટે પર્યાપ્ત માત્રામાં દસે પારમિતાઓ પૂરી કરી લેશે. ત્યારે એમણે ભવિષ્યવાણી કરી કે તું અનેક કલ્પો બાદ સિદ્ધાર્થ ગૌતમના નામથી જન્મીશ અને તપસ્યા કરીને સમ્યક્ સંબુદ્ધ બનીશ.

કોઈ વ્યક્તિ સમ્યક્ સંબુદ્ધ ત્યારે બને છે કે જયારે સમગ્ર વિશ્વમાં ક્યાં પણ વિપશ્યના વિદ્યાનું નામોનિશાન નથી રહેતું અને એનીજ ખોજ કરી લેવાના કારણે આ વ્યક્તિ સમ્યક્ સંબુદ્ધ થાય છે.

એક વાત ધ્યાન દેવાની એ છે કે આ વિદ્યા પ્રાપ્ત થતાં તપસ્વી સિદ્ધાર્થ ગૌતમે કહયું:- **पुब्बे अननुस्सुतेसु धम्मेसु चक्खुं उदपादि, ञाणं उदपादि, पञ्ञा उदपादि, विज्जा उदपादि, आलोको उदपादि'ति ।** – પહેલાં કદિ સાંભળ્યો જ નહિ, એવો ધર્મ જાગ્યો, આદિ...

એ દિવસોમાં પણ લોકો શીલ પાલન કરતા જ હતા. ભિન્ન ભિન્ન આલંબનોથી સમાધિનો અભ્યાસ કરતા જ હતા. પરંતુ એ સમ્યક્ સમાધિ ન હતી. તપસ્વી સિદ્ધાર્થે સમ્યક્ સમાધિનો અભ્યાસ કર્યો. સમ્યક્ એ અર્થમાં કે જે સમાધિ પ્રજ્ઞા તરફ લઈ જાય.

પ્રજ્ઞા પણ શ્રુતમયી અને ચિંતનમયી નહીં. એમનાથી કેવળ વાણીવિલાસ અને બુદ્ધિવિલાસ થાય છે. કેવળ આવી પ્રજ્ઞાને સાંભળીને અને ચિંતન કરીને કોઈ વ્યક્તિ વાસ્તવિક પ્રજ્ઞાનો અનુભવ કરી ન શકે. પ્રજ્ઞામાં સ્થિત થઈ ન શકે. તે ભવસંસરણથી મુક્ત થઈ ન શકે. આવી વ્યક્તિ હત્યાઓ પણ કરે છે અને જૂઠ, છળ-કપટ પણ. જેના પરિણામે નરકગામી થાય છે. ભવમુક્તિ માટે અનુભૂતિજન્ય ભાવનામયી પ્રજ્ઞાનો અભ્યાસ કરવાનો હોય છે. એ ભાવનામયી પ્રજ્ઞા જે આગળ જતાં પ્રતિવેધન પ્રજ્ઞા બની જાય છે, કે જે વિકારોના મૂળને વીંધી-વીંધીને એમનું ઉન્મૂલન કરી દે છે. શીલ અને સમ્યક્ સમાધિ તથા ભાવનામયી પ્રતિવેધન પ્રજ્ઞાની ખોજથી વિપશ્યનાનો ઉદ્દગમ થયો. એના અભ્યાસથી તપસ્વી સિદ્ધાર્થ ભવસંસરણથી મુક્ત થયો અને સ્વયં એની ખોજ કરવાના કારણે સમ્યક્ સંબુદ્ધ કહેવાયો. આ જ વિપશ્યનાનો ઉદ્દગમ થયો કે જે એ સમયમાં વિશ્વમાં સંપૂર્ણ લુપ્ત હતી.

બુદ્ધે જેની ખોજ કરી તે જ લોકોને શીખવી. શીલપાલન કરતાં રહીને સમ્યક્ સમાધિ અને અનુભૂતિજન્ય પ્રજ્ઞા શિખવાડી. આ જ વિપશ્યના છે જેનો એમના જીવનકાળ દરમિયાન અનેક લોકોએ લાભ ઉઠાવ્યો.

તે પછી ભારતમાં અશોકના સમય સુધી એ ખૂબ ફેલાઈ, પરંતુ દુર્ભાગ્યે અશોકના ૧૦૦ વર્ષ બાદ એનો હ્રાસ થવા લાગ્યો. ધીરે ધીરે ભારતમાંથી આ વિદ્યા બિલકુલ વિલુપ્ત થઈ ગઈ. વિપશ્યના નામ પણ લુપ્ત થઈ ગયું. પાડોશી દેશોમાં ગઈ. ત્યાં પણ કોઈ ને કોઈ નાની કે મોટી વિકૃતિ આવી ગઈ. પરંતુ બર્મા (મ્યાંમા) એક એવો દેશ હતો જ્યાં અશોકે અર્હંત શોણ અને ઉત્તરને મોકલીને ભગવાનની વાણીની સાથે-સાથે આ વિપશ્યના વિદ્યા પણ પહોંચાડી. ૨૨૦૦ વર્ષ પહેલાં જે વિદ્યા દક્ષિણ બર્મામાં પહોંચી જેને એ દિવસોમાં સ્વર્ણભૂમિ કહેતા હતા,તેને ત્યાંના ભિક્ષુઓએ સંભાળીને જીવિત રાખી. ગુરુ-શિષ્ય પરંપરા દ્વારા એ શુદ્ધ રૂપમાં ૨૨૦૦ વર્ષ સુધી કાયમ રહી. લગભગ ૧૦૦ વર્ષ પહેલાં આ વિદ્યા ત્યાંના પ્રબુદ્ધ ભિક્ષુ લૈડી સયાડોને પ્રાપ્ત

થઈ. તેમણે બુદ્ધવાણીની સાથે એને ભેળવીને સ્પષ્ટ રૂપથી લોકોને સમજાવી અને શીખવી. એમણે (ભવિષ્યવાણી) સાંભળેલી કે બુદ્ધના પ્રથમ શાસનના સમાપન પર એટલે કે ૨૫૦૦ વર્ષ પૂરા થતાં આ વિદ્યા બહાર જશે અને ભારત તથા સમગ્ર વિશ્વમાં ફેલાશે. જયારે એને વિશ્વમાં ફેલાવાનું છે તો એ કેવળ ભિક્ષુઓ સુધી સીમિત ન રહેવી જોઈએ. એટલા માટે તેમણે આવશ્યક માન્યું કે ગૃહસ્થોને પણ વિપશ્યનાની વિદ્યા શીખવવામાં આવે. ભગવાન બુદ્ધના સમયમાં ભિક્ષુ અને ભિક્ષુણી જ નહિ, ગૃહસ્થ પુરુષ અને નારી પણ વિપશ્યનાનો અભ્યાસ કરતા હતા અને તેમનામાંના અનેક વિપશ્યનાના આચાર્ય હતા, જે અન્યોને વિપશ્યના શીખવતા હતા. પરંતુ સમય વીતતાં વીતતાં આ ગૃહસ્થની વિપશ્યનાચાર્ય પરંપરા લુપ્ત થતી ગઈ. ગૃહસ્થોને વિપશ્યના શીખવવામાં આવતી ન હતી પરંતુ એમણે તેઓને શીખવવાનું કામ પુન: આરંભ કર્યું અને સયાતૈજીને તથા ત્યારબાદ સયાજી ઉ બા ખિનને વિપશ્યનાઆચાર્ય બનાવ્યા. તેના કારણે વિપશ્યના વિદ્યા બહાર આવી અને ભારત તથા વિશ્વમાં ફેલાવા લાગી.